**<u>મહે.ઝાલોદના એડી.ચીફ જયુડી મેજી.જજ સાહેબશ્રીની કોર્ટમાં,મુ.ઝાલોદ.</u>**

ક્રિ.કેસ નં. ૮૮૯/૨૦૨૬
આંક –

ફરીયાદી :– શ્રી સરકાર

વિરુઘ્ધ

આરોપી – નિલેશભાઇ બચુભાઇ ગરાસીયા
રહે. ગરાડુ બોર ફળીયા, તા. ઝાલોદ જી. દાહોદ.

**ગુન્હો :– <u>બી.એન.એસ. કલમ–૨૮૫ મુજબ.</u>**

<u>:: ઠરાવ ::</u>

- ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, સદર કામના આરોપીએ પોતાના કબજાના વાહનને જાહેર માર્ગ ઉપર મુકી રાખી જતા આવતા વાહનો તથા રાહદારીઓને અડચણરૂપ થાય તે રીતે મુકી રાખી પકડાઈ જઈ ગુન્હો કરેલ હોય, તે સબબની ફરીયાદ ફરીયાદીએ આપતા ફરીયાદીની ફરીયાદ ઉપરથી તપાસ કરનાર અમલદારે તપાસ કરી આરોપી વિરુઘ્ધ બી.એન.એસ. કલમ–૨૮૫ મુજબના ગુન્હાઓ સબબનું ચાર્જશીટ રજુ કરેલ છે. ચાર્જશીટ રજુ થતાં આરોપી વિરુઘ્ધ પ્રોસેસ ઈશ્યુ કરાતા આરોપી આજરોજ કોર્ટમાં હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા બાદ આરોપીએ આજરોજ તેઓ ગુનો કબુલ કરવા માગે છે તેવી પુરશીશ રજુ કરતાં તે પુરશીશ રેકર્ડ ઉપર નોંધવામાં આવેલ છે અને આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે જે પ્લીમાં તેમની સામેના ગુનાનું તહોમતનામું વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીએ ગુનો કબુલ કરેલ છે.
- આરોપી તેમની કબુલાત પુરશીશ આજરોજ આપી જણાવે છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપીઓ ગરીબ વર્ગના માણસ છીએ અને અમો મજુરી કરીએ છીએ. અમો અમારા કુટુંબના કમાનાર એક માત્ર વ્યકિત છીએ. અમો બાળ બચ્ચાવાળા છીએ. અમારા કુટુંબની ભરણપોષણની જવાબદારી અમારી છે. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે અને તેથી કાયદામાં જણાવેલ મહતમ સજા ન કરી અમો પર દયા કરવા નામ.કોર્ટને વિનંતી છે.
- હાથ ઉપરના કેસમાં આરોપીને કાયદા હેઠળની સમજ કરવામાં આવેલ છે તેમ છતા તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોકત કબુલાતને નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છીક કબુલાત ઘ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–// હુ ક મ //–</u>**

- આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૨૭૫ મુજબ બી.એન.એસ. કલમ–૨૮૫ મુજબના ગુનાના કામે દોષિત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા) દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ના ભરે તો દિન–૦૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ–૧૪મી, માહે– માર્ચ ,સને– ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪ / ૦૩ / ૨૦૨૬
સ્થળ : ઝાલોદ.

**( એસ.એ.ટેલર )**
એડી.ચીફ જયુડી. મેજી.,
ઝાલોદ.